# ધાનેરા નગરપાલિકામાં ભાજપનાં રાજમાં કરોડો રૂપિયા ખર્ચ કરેલ નવા વાહનો ભંગાર હાલતમાં

### નવાં વાહનો લાવ્યા પછી કોઈ ધ્યાન ન અપાતાં જંગથી જામ થયાં



ધાનેરા નગરપાલિકા દ્વારા ભાજપ સરકારની નવી ગ્રાન્ટો અને ફાયરબ્રિગેડ રીક્ષા જેસીબી મશીન વગેરે સાધનો નવાં ખર્ચ કરીને વસાવેલ પરંતુ લાવ્યા પછી તેની સર્વિસ અને રેગ્યુલર કાળજી ન લેવાતાં જંગ (કાટ) ચડી ગયો છે અને નદીના પુરમાં પણ બગડી જતાં કોઈ સંભાળ કે રીપેરીંગ ન કરતાં આ કરોડોની રકમનાં સાધનો આજે ભંગાર થયેલ છે

ધાનેરા ભાજપ નગરપાલિકાનાં હોદેદારો વાહનો ખરીદતાં મળેલ ટકાવારીથી ખુશ થઈ લોકોને સુવિધાનાં નામે સાધનો ખરીદી કરોડો રૂપિયાની ધુળ ધાણી થઈ જોવા મળી રહી છે આ બાબતે વારંવાર અખબારોમાં પ્રસિદ્ધ થતા સમાચારોમાં પણ અધિકારીઆએ ધ્યાન આપેલ ન હતું આખરે ભંગારમાં વેચવાનો વારો આવી રહ્યો છે.

વિકાસનાં નામે કરોડો રૂપિયા આવી રીતે વેડફાઈ રહ્યા છે જેનું ઉદાહરણ તમે જોઈ શકો છો આગળ ચોમાસું આવી રહ્યું હોવાથી હવે નવાં વાહનો નવી સરકારને વસાવવાં મજબુર થવું પડશે અને કરેલા કર્મોનો બદલો ભાજપની બોડીને મળી ગયો છે.

## ધાનેરા તાલુકા હેલ્થ ઓફિસર પી. જે. ચૌધરીના રાજમાં ધાનેરા વિસ્તારના જીવ જોખમમાં

ધાનેરા તાલુકા હેલ્થ ઓફિસર તરીકે ફરજ બજાવતા પુનમરામ ચૌધરી જે ગામડે ગામડે ચાલતી બોગસ તબીબો ની હાટડી ઓ ને પ્રોત્સાહન પૂરું પડી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે અને બોગસ ડોકટરો ને લોકો ના આરોગ્ય સાથે ચેડાં કરવાની છૂટ આપી રહ્યા હોય તેવું લાગી રહ્યું છ વારંવાર રજુઆત કરવા છતાં પણ આંખ આડા કાન કરી રહ્યા છે ત્યારે ધાનેરા ના લોકો જણાવી રહ્યા છે કે ક્યાંક માસિક હપ્તો તો નથી આવતો ને બોગસ ડોકટરો પાસે .....? જો પુનમાંરામ ચૌધરી બોગસ ડોકટરો ને પ્રોત્સાહન ન આપતા હોય તો જોરાપુરા ગામે દવાખાનું ખોલી લોકો ના આટોગ્ય સાથે ચેડાં કરનાર અને બની બેઠેલા ડો.ઈશ્વર ને પાથ ભણાવે.

# ડીસાના અમનપાર્કમાં ધમધમતી ફેક્ટરીમાંથી સવા લાખની કિંમતનો શંકાસ્પદ પેપ્સીનો જથ્થો જપ્ત

ડીસા, તા. ૧

ઉનાળાની શરૂઆત થતા જ ઠંડા પીણાઓની માંગ વધી રહી છે.. ત્યારે કેટલાક તત્વો ગેરરીતી પર ઉતરી આવી બિન્દાસ રીતે લોકોના આરોગ્ય સાથે ચેંડા કરતા હોય છે. ડીસામાં પણ આવી જ અખાદ્ય પીણાની ફેકટરી પર વહીવટી અધિકારીઓએ દરોડો પાડી ૨૬૦૦૦ નંગ પ્લાસ્ટિકના પેકિંગમાં ભરેલા પીણાના જથ્થાને જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડીસા શહેર સહીત બનાસકાંઠા જિલ્લો અને રાજસ્થાનમાં ગરમીની મૌસમ શરુ થતા જ અચાનક એક પીણું બજારમાં આવી જાય છે.. પ્લાસ્ટિકના પાઉંચમાં ભરેલા શરબતને સ્થાનિક લોકો પેપ્સી તરીકે ઓળખે છે.. બાળકોની પ્રિય એવી આ પેપ્સી આરોગ્ય માટે ખુબ જ જોખમી બનતી હોય છે.. આ અંગે અનેકવાર મીડિયામાં અહેવાલો રજુ કરવામાં આવતા હોવા છતાં વહીવટી તંત્ર દ્વારા આ ગોરખધંધા પર કોઈ અંકુશ લગાવાતો નથી. અને આવા બિનઆરોગ્યપ્રદ પીણાનું બજારોમાં પણ ખુલ્લેઆમ ધૂમ વેચાણ થતું રહે છે.



હાનીકારક કલર, સેકેન અને એસેન્સવાળા આ પીણા જ્યાં બનાવવામાં આવે છે તે સ્થળો પર પણ ગંદકી જોવા મળતી હોય છે.આ અંગે રજુઆતો કરવા છતાં કોઈ જ કાર્યવાહી કરાતી નથી. ત્યારે અચાનક ઊંઘમાંથી જાગેલા બનાસકાંઠા જીલ્લાના તોલ-માપ અધિકારી અને જાગૃત ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા ડીસા શહેરના અમનપાર્કમાં આકસ્મિક દરોડો પડાયો હતો.

અમન પાર્કમાં આવેલી બશીરભાઈ મેમણની રજવાડી બ્રાંડની ફેક્ટરી પર દરોડો પાડી તંત્રની ટીમે એમ.આર.પી., વજન, ઉત્પાદન કે પેકિંગ તારીખ અને અન્ય વિગત વગરના અંદાજીત ૧ લાખ ૨૬ હજાર રૂપિયાની કિંમતનો પીણાનો જથ્થો જપ્ત કર્યો હતો.ઉલ્લેખનીય છે કે કમાણીની લ્હાયમાં લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા તત્વો વિરુદ્ધ આકરા પગલાં લેવાય તે જરૂરી છે.

## પાલનપુર નજીક બાઈક સ્લિપ થતાં ચાલકનું મોત

પાલનપુર આબુ હાઈવે ઉપર હેબતપુરના પાટીયા પાસે પખવાડિયા અગાઉ એક બાઈક સ્લિપ થઈ થતાં તેના ચાલકને ગંભીર ઈજાઓ થઈ હતી. જેઓનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

હેબતપૂરના પાટિયા પાસે બાઈક સ્લીપ થતા નડેલા અકસ્માતમાં ગાંધીનગર જિલ્લાના કલોલના રાકેશભાઈ કાંતિભાઈ મકવાણાને ગંભીર ઈજાઓ થઈ હતી. જેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. દરમિયાન સારવાર દરમિયાન ગતરોજ તેમનું મોત નિપજ્યું હતુ. જ્યારે જયેશકુમાર કમલેશભાઈ પરમારને વધતી ઓછી ઈજાઓ થવા પામી હતી. આ અંગે જયેશકુમારે પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



**ટીંટોઈ ગામના ઓવરબ્રિજ પર કારનું સ્ટિયરિંગ લોક થતા કાર ડિવાઈડર સાથે ટકરાઈ**

અમદાવાદનો એક પરિવાર હોળી પર્વ નીમીત્તે અરવલ્લી જીલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિરે કાળીયા દેવના દર્શને અમદવાદથી શામળાજી તરફ કાર સાથે પ્રયાણ કરતા ટીંટોઈ ઓવરબ્રિજ પર સ્ટિયરિંગ લોક થતા કાર ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા ડિવાઈડર સાથે કાર અથડાઈ અટકી જતા સદનસીબે જાનહાનિ ટળી હતી. કારમાં સવાર લોકોને સામાન્ય ઈજાઓ પહોંચતા અદભુત બચાવ થયો હતો.

## પાલનપુરમાં નાના બાળકોના મુદે મોટેરા બાખડ્યા

પાલનપુરના લક્ષ્મણ ટેકરી વિસ્તારમાં ઘર આગળ નાના બાળકોના રમવાના મુદ્દે મોટેરાઓ બાખડયા હતા. આ અંગે ત્રણ વ્યકિતઓ સામે પોલીસ મથકે ફરિયાદ નોધાતાં ચકચાર મચી જવા પામી છે.

પાલનપુર ખાતે લક્ષ્મણ ટેકરી રોટરી હોલની પાછળ રહેતા અમૃતાબેન પ્રિતેશભાઈ પુરોહિતના બાળકો રોડ ઉપર રમતાં હતા. દરમિયાન, અહિંયા જ રહેતા ઉમંગભાઈ અશોકભાઈ પઢિયારે કેમ તમારા બાળકો મારા ઘર નજીક રમે છે? તેમ કહી ઉશકેરાઈ ગયા હતા. અશોકભાઈ પઢિયાર, નયનાબેન અશોકભાઈ પઢિયારે પણ સાથે મળી બિભત્સ શબ્દો ઉચ્ચારી અમૃતાબેન ઉપર લાકડી વડે હૂમલો કર્યો હતો. અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ અંગે અમૃતાબેને પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## રૂપાલ પ્લોટ કૌભાંડ મામલે કલેક્ટરને આવેદનપત્ર

વડગામ તાલુકાના રૂપાલ ગામમાં પ્લોટ કૌભાંડ મામલે ગ્રામજનોએ કલેક્ટરને આવેદનપત્ર પાઠવી નિષ્પક્ષ અને ન્યાયિક તપાસની માંગ કરી હતી. જોકે, આ મામલે એક વ્યક્તિને માર મરાયો હોવાની છાપી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

વડગામ તાલુકાના રૂપાલ ગામે ૨૦૧૭માં પ્લોટની હરાજીમાં કૌભાંડ થયાના મામલે ગ્રામજનો એ ઉચ્ચકક્ષાએ રજુઆત કરી હતી. પરંતુ સમય વિતવા છતા પ્લોટ કૌભાંડ મામલે કોઈ તપાસ હાથ ન ધરાતા આખરે ગ્રામજનો એ ગ્રામપંચાયતમાં રજુઆત કરી હતી. જે મામલે એક યુવકને માર મારવામાં આવતા યુવકને ઈજાઓ પહોંચી હતી. જેને લઈને સાત જેટલા ઈસમો સામે છાપી પોલીસ સ્ટેશનમાં ફરરિયાદ નોંધાવવામાં આવી હતી. ત્યારે આ સમગ્ર પ્લોટ કૌભાંડ મામલે ગ્રામજનો એકઠા થઈ ટ્રેક્ટરની ટ્રોલીમાં બેસી ૪૦ ઉપરાંતના ગ્રામજનો પાલનપુર કલેક્ટર કચેરી ખાતે આવી પહોંચ્યા હતા. આ સમગ્ર પ્લોટ કૌભાંડ મામલે કલેક્ટરને આવેદનપત્ર આપી પ્લોટ કૌભાંડની નિષ્પક્ષ તપાસની માંગ સાથે ગ્રામજનોએ ટીડીઓ તેમજ સરપંચ સામે આક્ષેપો કર્યા હતા.

### ગતિશીલ ગુજરાતની ગુલબાંગો વચ્ચે

# સદરપુર પગાર કેન્દ્ર શાળાના ૨૬૨ છાત્રો પર ઝળુંબતો મોતનો ભય

### ૧૯૫૪માં બનેલા ૧૧ પૈકી ૭ જર્જરિત ઓરડાની દુર્ઘટનાની દહેશત : શિક્ષણ પાછળ કરોડોનું આંધણ છતાં છાત્રો પાયાની સુવિધાથી વંચિત

ગતિશીલ ગુજરાતમાં શિક્ષણ પાછળ કરોડો રૂપિયાના આંધણ બાદ આજે પણ ભારતની ભાવિ પેઢી પાયાની





સુવિધાઓથી વંચિત હોવાની રાવ ઉઠી છે. પાલનપુર તાલુકાના સદરપુર ગામે આવેલી પગાર કેન્દ્ર શાળાના જર્જરિત ઓરડા અભ્યાસ કરતા છાત્રો માટે ખતરારૂપ બન્યા છે. ત્યારે દુર્ઘટના ઘટે તે પૂર્વે તંત્ર જાગે અને શાળાના ઓરડાઓનું નવીનીકરણ કરે તેવી માંગ ઉઠી છે.

સરકાર શિક્ષણ માટે કરોડો રૂપિયા ખર્ચી રહી છે. નવી નવી યોજનાઓ અમલમાં મુકવામાં આવી રહી છે. ત્યારે આજેપણ કેટલાક અંતરિયાળ વિસ્તારોમાં સરકારી પ્રાથમિક શાળાના ઓરડાઓ જેવી પ્રાથમિક સુવિધા ઓ પણ ઉપલબ્ધ નથી. કેટલીક શાળાઓમાં છાત્રોને મેદાનમાં બેસીને અભ્યાસ કરવો પડી રહ્યો છે. આવી સ્થિતિ વચ્ચે પાલનપુર તાલુકાની સદરપુર પે. કેન્દ્ર શાળાના ઓરડા પણ જર્જરિત બની ગયા હોઈ અહી અભ્યાસ કરતાં છાત્રો કોઈપણ સમયે દુર્ઘટનાનો ભોગ બની શકે છે.

સદરપુર પે કેન્દ્ર શાળાનું મકાન ૧૯૫૪માં બાંધવામાં આવ્યું હતુ. જેમાં કુલ અગિયાર ઓરડાઓ બાંધવામાં આવ્યા છે. જોકે, બાંધકામને વર્ષો વિતી ગયા હોઈ સાત ઓરડા જર્જરિત બની ગયા છે. ઓરડાઓની છત ઉપરથી પોપડા ઉખડી રહ્યા છે. ખીલાસરી ઓ દેખાઈ રહી છે. આવી સ્થિતિમાં પણ આ ઓરડાઓમાં છાત્રોને અભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે. ત્યારે રખેને આ છત તૂટી પડે અને મોટી દુર્ઘટના સર્જાય તે પહેલા જિલ્લાનું શિક્ષણતંત્ર સાબદુ બની જર્જરિત ઓરડા તોડી પાડી ત્યાં નવા ઓરડા બનાવવામાં આવે તેવી ગ્રામજનો અને વિદ્યાર્થીઓની માંગ ઉઠવા પામી છે.

# પ્રાંતિજ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના નવા ચેરમેન નિમાયા

પ્રાંતિજ, તા. ૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે આવેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ચેરમેન



માટેની ચુંટણી યોજાઈ હતી. જેમાં માત્ર એક ઉમેદવારી ફોર્મ ભરતાં ચુંટણી અધિકારી દ્વારા રાજેશકુમાર મણીલાલ પટેલને બીન હરીફ જાહેર કર્યાં હતાં.

પ્રાંતિજ માર્કેટ યાર્ડ ખાતે આજે ચેરમેનના અઢી વર્ષ પુર્ણ થતાં અઢી વર્ષ માટે નવા ચેરમેનને લઈને ચુંટણી યોજાઈ હતી. જેમાં ચુંટણી અધિકારી અને જીલ્લા રજીસ્ટ્રાર એસ.બી. ચૌહાણની ઉપસ્થિતિમાં ચુંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં ચેરમેન પદના ઉમેદવાર માટે માત્ર એક જ ઉમેદવારી ફોર્મ ભરાતા અન્ય કોઈ ઉમેદવાર ના હોવાથી તથા ભોગીલાલ પટેલ દ્વારા રાજેશભાઈ પટેલના નામની દરખાસ્ત કરતાં અને અલ્પેશભાઈ પટેલ દ્વારા ટેકો જાહેર કરાતાં ચુંટણી અધિકારી દ્વારા રાજેશકુમાર મણીલાલ પટેલને વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતા. નવા ચેરમેનપદે રાજેશકુમાર જાહેર થતાં સાથી ડિરેક્ટરો દ્વારા ફુલહાર પહેરાવીને સન્માન કરવામાં આવ્યું હતું. સેક્રેટરી શૈલેષભાઈ પટેલ, રણજીતસિંહ, કાળુસિંહ રાઠોડ, રાજુભાઈ શાહ, બિપીનભાઈ સહિત ડિરોકટો સહિત સંગાસંબધીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ડાયમંડ ચોરી પ્રકરણમાં મહારાષ્ટ્ર પોલીસ જમડાના બે યુવકોને ઉઠાવી ગઈ

### મુંબઇના મલાડની ચોરીનું પગેરૂં થરાદ સુધી આવતાં પંથકમાં ખળભળાટ

થરાદ પોલીસસુત્રોએ જણાવ્યું હતુંકે સીઆર નંબર ૬૪/૧૮થી ઈપીકો કલમ ૩૮૧ મુજબ નોંધાયેલા ગુનામાં થરાદ તાલુકાના જમડા ગામના બે યુવકોનાં નામ ખુલવા પામ્યાં હતાં.આથી બુધવારે થરાદમાં (મહારાષ્ટ્ર) મુંબઈની મલાડ પોલીસના અધિકારી કર્મચારીઓની ટીમે ધામા નાખ્યા હતા.અને થરાદ પોલીસની મદદ માંગી હતી.

થરાદ પોલીસ સાથે મળીને તાલુકાના જમડા ગામના હિતેશભાઈ બાબુભાઈ નાઈ ઉ.વ.૧૯ તથા ભાર્ગવ રામજીભાઈ રાજપુત ઉ.વ.૨૨ નામના યુવકોની અટકાયત કરીને સાથે લઈ ગઈ હતી.મુંબઈથી આવેલા પોલીસ અધિકારી કર્મચારીઓ મહેંન્દ્રસિંહ બસનાજી,નરેશ જવાનજી અને મદનજીએ જમડા ગામમાંથી બંન્ને યુવકોની અટકાયત કરી હતી તથા તેમના પરિવારજનોને આ બનાવની જાણ પણ કરી હતી. આમ મુંબઈ પોલીસે થરાદ તાલુકાના જમડા ગામના બે યુવકોની અટકાયત કરીને લઈ જતાં પંથકમાં ચકચાર મચાવી હતી.પોલીસ સૂત્રોએ આ બંને યુવકોએ સામે મોટી રકમના ડાયમંડ ચોરીના આરોપ બદલ અટકાયત કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું.



**અરવલ્લી જિલ્લાના ખેડૂત સમાજના પ્રમુખ તરીકે વરણી**

અરવલ્લી જિલ્લા ખેડૂત સમાજના પ્રમુખ તરીકે મોડાસા તાલુકાના ઉમેદપુર ગામના યુવાન ખેડૂત નિકુલકુમાર અમૃતભાઈ પટેલની વરણી કરાઈ હતી. ખેડૂત સમાજના ગુજરાતના મંત્રી સાગરભાઈ રબારીએ તેમની નિમણુક કરી હતી. જેને લઈને જિલ્લાના ખેડૂતો અને આગેવાનોએ તેમને બિરદાવ્યા હતા.

# રામસણ ગામે લોકો ૨૦૦ વર્ષથી હોળી નથી માનવતા

### હોળી પ્રગટાવવાથી આખા ગામમાં લાગે છે આગ

આજે સમગ્ર દેશ માં ખુબજ ઉત્સાહ સાથે હોળી ના પર્વ ની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે બનાસકાંઠા જિલ્લા નું એક એવું ગામ છે કે જયાં હોળી પ્રગટાવવામાં નથી આવતી અને જો હોળી પ્રગટાવવામાં આવે તો લાગે છે આખા ગામમાં આગ

બનાસકાંઠા જિલ્લા નું રામસણ ગામ કે જ્યાં છેલ્લા ૨૦૦ વર્ષ થી હોળી નથી પ્રગટાવી અને હોળી પ્રગટાવતા ગામ લોકોને લાગી રહ્યો છે ડર......આજે તો સમગ્ર દેશ માં ખુબજ ઉત્સાહ સાથે લોકો હોળી પ્રગટાવી હોળી ના દર્શં કરી રહ્યા છે ત્યારે રામસણ ગામે લોકો હોળી થી વંચિત જોવા મળી રહ્યા છે ,,,,,અને જો વાત કરવામાં આવે રામસણ ગામ ની કે ત્યાં હોળી કેમ નથી પ્રગટાવતા તો ગામ લોકો જણાવી રહ્યા છે કે રામસણ ગામ એ રામ નગરી છે અને રામ અને હોળી ને વેર હોવાથી અમારા ગામમાં હોળી નથી પ્રગટાવતા ,,,,,,અને જો ગામમાં હોળી પ્રગટાવવામાં આવે તો આખા ગામા આગ લાગે છે અને



મોટી હેનારત સર્જાય છે ૨૦૦ વર્ષ અગાઉ ત્રણ વખત હોળી પ્રગટાવવામાં આવી હતી અને ત્રણેય વખત ગામમાં આગ લગતા લોકો ભયભીત બની ગયા હતા અને આજ દિવસ સુધી ગામમાં હોળી નથી પ્રગટાવી,,,,,તો બીજી તરફ લોકો એવું પણ જણાવી રહ્યાં છે કે હોળી પ્રગટાવવા થી ગામમાં ભયાનક નુકશાન થાય છે અને સાથે સાથે હોળી પ્રગટાવતી વખતે અસન્ખ્ય જીવ જંતુ પણ હોળી માં હોમાઈ જાય છે માટે અમારા ગામને પણ નુકશાન ન થાય અને જીવ જંતુ પણ હોળી માં ન હોમાય તે માટે અમે લોકો હોળી નથી પ્રગટાવતા રામસણ ગામે હોળીના દિવસે માત્ર નાની હોળી પ્રગટાવી ગામના બાળકો ને પગે લગાડે છે અને લોકો હોળી ના દર્શન કરે છે ત્યારે બનાસકાંઠા નું આ એવું ગામ છે કે જ્યાં ૨૦૦ વર્ષ થી લોકોએ હોળી નથી જોઈ

## ધાનેરા નેનાવા ત્રણ રસ્તા પાસે બાઈક અને બોલેરો વચ્ચે અકસ્માત

ધાનેરા નજીક બાઈક ને બોલેરો જીપ વચ્ચે અકસ્માત સર્જાતા બાઈક ચાલકે ને ગંભીર ઈજા થવા પામી છે તો બીજી તરફ બાઈક સવાર પાસેથી દારૂ ની બોટલો મળી આવી છે એટલુંજ નહીં પણ અકસ્માત સમયે દારૂ ની બોટલ ફૂટી જતા બોટલ ના કાચ બાઈક સવાર ના પેટમાં ઘુસી જતા પેટમાં પણ ગંભીર ઈજા થઈ છે. અકસ્માત તો અવાર નવાર થતા જ હોય ચજે પરંતુ આજના અકસ્માતે ધાનેરા માં ચકચાર મચાવી દીધી છે. ધાનેરા નેનાવા ત્રણ રસ્તા પાસે બાઈક અને બોલેરો ગાડી વચ્ચે અકસ્માત સર્જાયો છે જેમાં બાઈક સવાર ને ગંભીર ઈજા થવા પામી છે અકસ્માત માં તો બાઈક સવાર ને સામાન્ય ઈજા થઈ હતી.



**ધનસુરા પ્રાથમિક શાળા નં.૧માં રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઉજવણી**

પ્રથમ ભારતીય નોબલ પ્રાઈજ વિજેતા ડૉ. સી.વી. રમનની યાદમાં ૨૮ ફેબ્રુઆરીને દેશભરમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિન તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે અરવલ્લી જીલ્લાના ધનસુરામાં પ્રાથમિક શાળા નં-૧માં બાળકોએ વિવિધ પ્રોજેક્ટ તેયાર કર્યા હતા. બાળકોએ સૂર્યમંડળ, કુત્રિમ ચુંબક બનાવવું, કંકાલતંત્ર, પાણીમાં આગ લગાડવી, જેવી વિવિધ કૃતિઓ રજુ કરી હતી. શાળામાં મોટી સંખ્યામાં બાળકોએ ભાગ લીધો હતો. અને બાળકોએ અન્ય બાળકોને પ્રોજેક્ટ વિષેની સમજણ આપી હતી. શાળાના વિજ્ઞાન શિક્ષક કે.ડી. પ્રજાપતિ દ્વારા શાળાના આચાર્ય પારૂલબેન કે. વણકર તથા શિક્ષકોએ બાળકોને માર્ગદર્શન આપ્યું હતું.